SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 7. ઉત્તર ગુજરાતની વિશિષ્ટ લોકકલા ભવાઈ

*ડૉ. રૂપેશભારતી આર. ગોસ્વામી*

## ભૂમિકા

'ભવાઈ કલા' એ ઉત્તર ગુજરાતની એક આગવી સાંસ્કૃતિક ઓળખ ઊભી કરતી લોકનાટ્ય કલા છે. જે ખાસ કરીને ઊંઝા, મહેસાણા, પાટણ, પાલનપુર જેવા વિસ્તારોમાં વધુ પ્રચલિત અને પ્રસિદ્ધ છે. ભવાઈ કલા એ અનેક સદીઓથી ગુજરાતની લોકકલા અને સંસ્કૃતિનો એક અવિભાજ્ય હિસ્સો રહી છે. આ લોકનાટ્ય કલાએ ગુજરાતીઓના હૃદયમાં ખાસ સ્થાન જમાવ્યું છે. ભવાઈ કલા અનોખી છે કેમ કે, તેમાં સજાવટ, નૃત્ય, સંગીત અને અભિનયનું મિશ્રણ હોય છે. ભવાઈ મૂળ રૂપે એક પ્રકારનું લોક મનોરંજન છે, પરંતુ સમાજના મૂલ્યોને જાળવી રાખવા માટેનું તે એક મજબૂત માધ્યમ છે. પ્રસ્તુત શોધપત્રમાં ભવાઈ કલાનાં ઉદભવ, સ્વરૂપ, પ્રકારો અને તેની વર્તમાન દશા અને દિશા વિશે આલેખન કરવાનો ઉપક્રમ છે.

## ભવાઈ સંજ્ઞાની વ્યુત્પત્તિ

'ભવાઈ' સંજ્ઞાની વ્યુત્પત્તિ વિશે વિદ્વાનો અને સંશોધકોમાં વિવિધ મતમતાંતરો પ્રવર્તે છે. પરંતુ, સામાન્ય રીતે સ્વીકારવામાં આવતા કેટલાક મત આ પ્રમાણે છે:

- **"ભવ" અને "આઇ" થી:** આ મત અનુસાર, "ભવાઈ" શબ્દ "ભવ" અને "આઇ" શબ્દોમાંથી બન્યો છે. "ભવ" નો અર્થ થાય છે વિશ્વ, જગત અથવા સર્વકાળ, અને "આઇ" એટલે માતા. અહીં તેને જગતની માતા એટલે કે જગદંબા ગણી છે. ભવાઈમાં મા અંબાની ભક્તિને કેન્દ્રમાં રાખી નાટક ભજવવામાં આવતા હોવાથી આ સંદર્ભમાં આ શબ્દનો ઉપયોગ થતો હશે.
- **ભાવનમાંથી:** કેટલાક વિદ્વાનોનું માનવું છે કે ભવાઈ શબ્દ "ભાવન" શબ્દમાંથી ઉદ્ભવ્યો છે. ભાવનનો અર્થ થાય છે ભાવ પ્રગટ કરવો અથવા અભિનય કરવો. ભવાઈમાં કલાકારો પોતાના ભાવોને અભિનય દ્વારા વ્યક્ત કરતા હોવાથી આ શબ્દનો ઉપયોગ થતો હશે.
- **'ભવ' અને 'વહી' થી :** આ મત અનુસાર 'ભવ' એટલે જીવન અને 'વહી' એટલે જૂના બનાવો કે હિસાબોનું વર્ણન કરતી ચોપડી. ભવાઈ એ માનવજીવનના આનંદ, દુ:ખ, પ્રેમ, નફરત જેવા તમામ પાસાઓને રજૂ કરતી લોકકલા છે આથી, 'ભવ'ની એટલે કે, માનવજીવનની 'વહી' અર્થાત્ ઘટનાઓ કે પાપ-પુણ્યના હિસાબોને રજૂ કરતી કલા તે ભવાઈ એમ આ શબ્દ બન્યો હશે.
- **ભ્રૂફુસમાંથી:** આ મત અનુસાર, ભવાઈ શબ્દ "ભ્રૂફુસ" શબ્દમાંથી ઉદ્ભવ્યો છે. ભ્રૂફુસનો અર્થ થાય છે સ્ત્રીવેશ ધારણ કરનાર નટ. ભવાઈમાં ઘણીવાર સ્ત્રી પાત્રોનું નિરૂપણ કરવામાં આવતું હોવાથી આ શબ્દનો ઉપયોગ થતો હશે.
- **'ભવાની' માંથી :** ભવૈયા એમ કહે છે કે, અમને અંબા ભવાનીએ આ હુન્નર શિખવાડ્યો છે અને મા ભવાનીના મંદિરના ચોગાનમાં આ નાચ થતો હોવાથી ભવાની શબ્દ પરથી ભવાઈ શબ્દની વ્યુત્પત્તિ થઈ હશે.
- **'ભવ' માંથી :** 'ભવ' એટલે સંસાર-જન્મારો ઉપરાંત 'ભવ' એ મહાદેવનું એક નામ પણ છે એટલે ભગવાન મહાદેવની રમત એટલે કે, ભવની રમત તે ભવાઈ એમ પણ કેટલાક માને છે.

**આમ,** 'ભવાઈ' સંજ્ઞાની ચોક્કસ વ્યુત્પત્તિ જાણવી તો મુશ્કેલ છે. પરંતુ, આપણે એટલું તો નિશ્ચિત કહી શકીએ કે ભવાઈ એ ગુજરાતી લોકજીવનનું એક અનન્ય અને જીવંત સ્વરૂપ છે જેણે ઉત્તર ગુજરાતની સંસ્કૃતિને સમૃદ્ધ બનાવી છે.

## 'ભવાઈ'નો ઉદભવ

ભવાઈના ઉદભવનો કોઈ ચોક્કસ સમય જણાવવો મુશ્કેલ છે. પરંતુ, સંશોધકોનું માનવું છે કે ભવાઈનો ઉદભવ ગુજરાતની ગ્રામીણ જીવનશૈલી અને લોકસંસ્કૃતિ સાથે જોડાયેલ છે. ગામડાઓમાં લોકો એકબીજાનું મનોરંજન કરવા માટે નાટકીય રજૂઆતો કરતા હશે, જેણે આગળ જતા ભવાઈનું સ્વરૂપ લીધું હશે. ભવાઈ કલાનું મૂળ ચૌદમી સદીની આસપાસ હોવાનું માનવામાં આવે છે. ભવાઈનો પ્રારંભ સિદ્ધપુરના ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ કુળમાં જન્મેલા અસાઈત ઠાકર દ્વારા થયો હોવાથી તેમને 'ભવાઈના પિતામહ' તરીકે ઓળખવામાં આવે છે. ચૌદમી

સદીમાં ગુજરાતના પ્રદેશોમાં પ્રચલિત નાટ્યપ્રકારોમાંથી પ્રેરણા લઈ અસાઈત ઠાકરે એક નવા જ નાટ્યપ્રકાર ભવાઈનું સર્જન કર્યું હતું. ભવાઈ કલાના માધ્યમ દ્વારા અસાઈતે લોકમનોરંજન દ્વારા તત્કાલીન સમાજના પ્રશ્નો વિશે જાગૃતિ ફેલાવવાનું ઉમદા કાર્ય કર્યું છે. તેમણે પ્રચલિત લોકકથાઓ અને ધાર્મિકકથાઓને આધારે આશરે ૩૬૦ ભવાઈવેશો લખ્યા અને ભજવ્યા હોવાની વિગતો મળે છે. જેમાં 'રામદેવનો વેશ' જૂનામાં જૂનો હોય એમ જણાય છે.

અસાઈતને ભવાઈ વેશોની રચના કેમ કરવી પડી તેના વિશે એક લોકવાયકા જાણીતી છે. જયારે દિલ્હીમાં અલ્લાઉદ્દીન ખિલજી શાસન હતું ત્યારે તેના એક જહાનરોજ નામના સરદારે ઊંઝાના હેમાળા પટેલની દીકરી ગંગાનું અપહરણ કરેલું. હેમાળા પટેલની મદદ કરવા અસાઈત ઠાકર તે સરદાર પાસે જઈ ગંગાને છોડી દેવા વિનંતી કરે છે. પરંતુ ગંગા એ અસાઈતની દીકરી નથી એવી શંકા સરદારને જતા તે અસાઈતને ગંગા સાથે ભોજન કરવાનું કહે છે. દીકરીની લાજ બચાવવા અસાઈત ગંગા સાથે ભોજન કરે છે અને તેને છોડાવી ઘરે લાવે છે. પરંતુ, આ ઘટનાથી બ્રાહ્મણ જ્ઞાતિએ અસાઈતને ધર્મભ્રષ્ટ માની નાતમાંથી બહાર કર્યા. આથી કણબી જ્ઞાતિએ અસાઈત અને તેના પરિવારને રહેવા માટે અલગ ત્રણ ઘર, જમીન અને અમુક વંશપરંપરાગત હક્કો લખી આપ્યાં. પછીથી જીવન નિર્વાહ માટે અસાઈત અને તેનો પરિવાર એટલે કે ત્રણ ઘર વાળા ભવાઈ રમવા લાગ્યા. જે 'ત્રિઘરા' કહેવાયા અને અપભ્રંશ થતાં 'તરગાળા' કહેવાયા.

## 'ભવાઈ'નું સ્વરૂપ

'ભવાઈ' એ ઉત્તર ગુજરાતનું પરંપરાગત લોકનાટ્ય સ્વરૂપ છે. જેની પ્રસ્તુતિ મંચ પર નહીં, પરંતુ ગામના ચોકમાં અથવા મંદિરના પ્રાંગણમાં રાતના સમયે કરવામાં આવે છે. ભવાઈ ભજવવા માટે બે વાંસડા ખોડી એકાદ લાઈટ લગાવવામાં આવે છે. એક પડદો બાંધવામાં આવે છે જેની પાછળ પાત્રો ઊભા રહે છે. જુદાં જુદાં પાત્રો ભજવતા પાત્રો રંગીન વેશભૂષા પહેરી જરૂર પૂરતી સાધનસામગ્રીનો ઉપયોગ કરે છે. ભવાઈના મુખ્ય પુરુષ પાત્રને રંગલો અને સ્ત્રી પાત્રને રંગલી કહેવામાં આવે છે. સંગીતના વાજીંત્રોમાં ભૂંગળ, તબલાં, હાર્મોનિયમ, ઝાંઝનો ઉપયોગ થાય છે. ભવાઈ રમવા માટે કોઈ એક ભવાઈ મંડળીને ઓછામાં ઓછા નવ અને વધુમાં વધુ વીસ ગરાસ આપવામાં આવતા. આ ભવાઈ મંડળીના નેતાને 'મુખી' કે 'નાયક' તરીકે ઓળખવામાં આવે છે. ભવાઈમાં સ્ત્રી પાત્રોની ભૂમિકા પણ ભાઈઓ જ ભજવે છે અને આ સ્ત્રી પાત્રો ભજવતા ભાઈઓને 'કાંચળિયા' તરીકે ઓળખાવવામાં આવે છે. આમ, ઓછામાં ઓછી સાધન સામગ્રી વડે ભવાઈના વેશ ભજવવામાં આવે છે.

ભવાઈ સ્વરૂપમાં કથાવસ્તુ, ગીત, સંગીત, નૃત્ય, વેશભૂષા, સંવાદ, પાત્રો જેવા ઘટકો મુખ્ય છે.

- **કથાવસ્તુ:** ભવાઈની કથાવસ્તુમાં મુખ્યત્વે સામાજિક, ધાર્મિક કે ઐતિહાસિક ઘટનાઓનું નાટ્ય રૂપાંતર હોય છે. જેમાં સમાજમાં વ્યાપેલા વહેમો, બદીઓ, કુરિવાજો, અસમાનતાઓને હાસ્યમય રીતે રજૂ કરી જનમાનસ જાગૃત કરવાનો પ્રયાસ હોય છે. ભવાઈ ખાસ કરીને લોકોના દૈનિક જીવન સંબધિત કથાવસ્તુ લઈ ભજવવામાં આવે છે જેથી તે સૌને પોતીકી લાગે છે.
- **ગીત:** ભવાઈમાં ગીતોનું ખૂબ મહત્વ છે. ભવાઈ મંડળી જે ગામમાં ઉતરે ત્યાં આજે રાતે ભવાઈ રમાવવાની છે એવી જાહેરાત કરવા સાંજના સમયે ગાતા-વગાડતા ગામમાં ફરે ત્યારે ગીત ગાઈને ભવાઈની ઉત્પત્તિ અને વેશોની વાત કરે છે જેને 'ગાવણું' કર્યું એમ કહેવામાં આવે છે. રાત્રે જ્યારે ભવાઈ ભજવવાની શરૂઆત થાય ત્યારે સૌ પ્રથમ ભક્તિભાવથી ભરપૂર આરતી ગાવામાં આવે છે. ત્યારબાદ ગીત દ્વારા પાત્રોનો પરિચય કરાવવામાં આવે છે. ઘણીવાર પાત્ર પોતે પણ ગીત ગાઈ પોતાનો પરિચય આપતો હોય છે. જેને 'આવણું' કહેવામાં આવે છે. ભવાઈમાં પ્રેમગીતો માટે ઘણીવાર ગઝલોનો પણ ઉપયોગ થાય છે. જ્યારે બે પાત્રો વચ્ચે સામસામે મરાતા ટોણાં માટે ચાર પદના ચાબખા વપરાય છે. આ ઉપરાંત બે પાત્રો વચ્ચે થતાં પદ્યાત્મક સંવાદો જે ગીત દ્વારા રજૂ થાય તેને 'ફનિયું' કહેવામાં છે. ભવાઈમાં કેટલાક ગીતને 'હરિયાળી' તરીકે ઓળખવામાં આવે છે. 'હરિયાળી' એટલે શોભાગીત. જે શરૂઆતમાં અશ્લીલ લાગે પણ તેનો અર્થ પ્રગટ થતાં શોભા આપે એવા ઉખાણાં. ભવાઈમાં ગવાતા ગીતો વિવિધ પ્રસંગોને અનુરૂપ હોય છે. ભવાઈના પ્રાસ અને કાવ્યાત્મક લયયુક્ત ગીતોમાં લોકજીવનના વિવિધ પાસાઓનું નિરૂપણ થાય છે.
- **સંગીત:** ભવાઈમાં સંગીતનું ખૂબ મહત્વ છે. ભવાઈ વેશનો આરંભ જ ભૂંગળ વાગવાથી થાય છે. ભૂંગળ વિનાની ભવાઈ સંભવી જ ન શકે. ભૂંગળ ઉપરાંત નરઘાં, ઢોલ, ડફ, સારંગી, કાંસીજોડાં જેવા વિવિધ વાદ્યો સાથે શાસ્ત્રીય રાગ આધારિત સંગીતનો ઉપયોગ ભવાઈમાં કરવામાં આવે છે. માઢ, સોહની, ગોડી, સોરઠ, આશાવરી, પરજ જેવા દેશી ઢાળો તથા પ્રભાત, ભૈરવી, મલ્હાર, સારંગ જેવા રાગો અને તરગડો, લાવણી, દોઢિયો, ચલતી, કેરવો, હીંચ જેવા તાલ ભવાઈ કલાની આગવી ઓળખ બન્યા છે. ભવાઈમાં ગવાતા ગીતો, ચબોલા, ગઝલો વગેરેનું સંગીત કર્ણપ્રિય હોય છે.

- **નૃત્ય:** ભવાઈમાં નૃત્યનો ભરપૂર માત્રામાં ઉપયોગ કરવામાં આવે છે. ભવાઈ આરંભે જ રંગલો-રંગલી 'તા થૈયા થૈયા થઈ થઈ' ના ઠેકાઓ સાથે નૃત્ય કરતા પ્રવેશ લે છે અને ભવાઈની કથા માંડે છે. વચ્ચે માતાજીનો ગરબો આવે ત્યારે તો બધાં જ પાત્રો ગરબા રમવા મંડી પડે. રંગલા અને રંગલીના તો પ્રત્યેક ડગલા નૃત્યના લયમાં જ ઉપડતા હોય છે. ભવાઈમાં પ્રેક્ષકોની ફરમાઇશથી વચ્ચે વચ્ચે ફિલ્મી ગીતોનો નાચ પણ રજૂ કરવામાં આવે છે. ભવાઈમાં કેટલાક પાત્રો માથે લોટા, શીશા કે બેડા રાખી સંગીતના તાલે નાચતા હોય છે. આ પ્રકારના નાચ અને તેના કરનારને 'કેરબો' તરીકે ઓળખાવવામાં આવે છે. આમ, ભવાઈમાં વિવિધ પાત્રો વિવિધ પ્રકારના નૃત્ય કરી ભાવોની અભિવ્યક્તિ કરે છે.
- **વેશભૂષા:** વેશભૂષા તો ભવાઈની એક આગવી ઓળખ છતી કરતું ઘટકતત્વ છે. વિલક્ષણ અલંકારો અને રંગબેરંગી વસ્ત્રોની વેશભૂષા દ્વારા જ પાત્રોની ઓળખ થાય છે. કૃષ્ણના વેશ માટે પીળા રંગની ધોતી, મોરપંખ, વાંસળી; શિવજીના વેશ માટે કાળા કપડાં સાથે સફેદ ભભૂત, ત્રિશૂલ, ડમરું; મા અંબાના વેશ માટે લાલ ઓઢણી, ચાંદીનું તાજ અને હાથમાં ત્રિશૂલ; મહાકાળી માતાના વેશ માટે કાળા વસ્ત્રો અને ખોપરીઓની માળા; સ્ત્રી પાત્રોના વેશ માટે રંગબેરંગી સાડી, કાનમાં લાંબા ઝૂમકા, નથ; રંગલાના પાત્ર માટે ચમકદાર લાંબો ડગલો, વિશિષ્ટ ટોપી, મજાકિયા મૂછો; શેઠના પાત્ર માટે માથે પાઘડી, લાંબી ધોતી; રાક્ષસ કે દુષ્ટ પાત્રો માટે કાળા વસ્ત્રો; ગરીબ ગ્રામ્ય પાત્રો માટે ફાટેલી ધોતી, ખભે ખેસ; વકીલના પાત્ર માટે કાળો કોટ; ડોકટરના પાત્ર માટે સફેદ કોટ આમ, દરેક પાત્ર માટે અલગ અલગ વેશભૂષા રાખવામાં આવે છે. ઉપરાંત, પાત્રોના જુદાં જુદાં ભાવ દર્શાવવા ચહેરા પર થતો મેકઅપ અને મોહક શણગાર પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. આમ વેશભૂષામાં રખાતી આ પ્રકારની ચીવટ પાત્રની લાગણીઓ અને વ્યક્તિત્વને વધુ સ્પષ્ટ બનાવે છે.
- **સંવાદ:** ભવાઈમાં સંવાદો ખૂબ જ જીવંત અને રસપ્રદ હોય છે. ઉત્તર ગુજરાતની લોકબોલીમાં લખાયેલા આ સંવાદો પ્રેક્ષકોને હસાવવા અને રડાવવાની શક્તિ ધરાવે છે. ભવાઈના હાસ્યાસ્પદ સંવાદો ભાવાઈની કથાને આનંદદાયક અને મનોરંજક બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.
- **પાત્રો:** ભવાઈના મુખ્ય કેન્દ્રિય પાત્રોમાં નાયક, નાયિકા અને રંગલાનો સમાવેશ થાય છે. નાટકનું મુખ્ય પાત્ર નાયક ભજવતો હોય છે. જે સંવાદો અને સંગીત માટે દિશાનિર્દેશ આપવાનું કાર્ય કરે છે. ભવાઈમાં નાયિકાનું પાત્ર પણ પુરુષો દ્વારા જ ભજવવામાં આવે છે. સ્ત્રી પાત્રો ભજવતા પુરુષો  સ્ત્રીના વસ્ત્રો ધારણ કરી - આબેહૂબ સ્ત્રી જેવો જ શણગાર અને મેકઅપ કરી - સ્ત્રી પાત્ર ભજવાતા હોય છે. રંગલાનું પાત્ર ભવાઈમાં અત્યંત મહત્ત્વનું અને આકર્ષણનું કેન્દ્ર હોય છે. આથી આ પાત્ર કોઈ કુશળ કલાકાર જ ભજવતો હોય છે. રંગલો એક ચાલાક, રમૂજી અને બહુમુખી પ્રતિભાશાળી પાત્ર છે. રંગલાની વેશભૂષા ખૂબ જ વિશિષ્ટ હોય છે. તે સામાન્ય રીતે લાંબા રંગબેરંગી કપડાં પહેરે છે અને તેના માથા પર એક ખાસ પ્રકારની ટોપી હોય છે. તેના હાથમાં એક લાકડી હોય છે જેનો ઉપયોગ તે હાસ્યના હથિયાર તરીકે કરે છે. રંગલાની વાણી, હાવભાવ અને કૃત્યોથી પ્રેક્ષકો હંમેશા હસતા રહે છે. રંગલાની હાજરી જ ભવાઈને વધુ રસપ્રદ અને મનોરંજક બનાવે છે. આ ઉપરાંત ભવાઈમાં અન્ય પાત્રો પણ હોય છે. જેમ કે, રાજા, રાણીઓ, શેઠ, દેવ-દેવીઓ, ધાર્મિક લોકો, કવિઓ, અને સામાન્ય લોકો. આ દરેક પાત્રનો સ્વભાવ અને અભિનય મજાક અને હાસ્યના રંગથી ભરપૂર હોય છે.

**ભવાઈના પ્રકારો :**

ભવાઈ એ ગુજરાતના લોકજીવનનું એક અનન્ય અને જીવંત સ્વરૂપ છે. તેમાં વિવિધ પ્રકારના વિષયો, પાત્રો અને શૈલીઓનો સમાવેશ થાય છે. જેને આધારે ભવાઈને નીચે મુજબના પ્રકારોમાં વર્ગીકૃત કરી શકાય.

1. **વિષયવસ્તુના આધારે:** સામાજિક ભવાઈ, ધાર્મિક ભવાઈ, ઐતિહાસિક ભવાઈ
2. **પાત્રોના આધારે:** રંગલાની ભવાઈ, વિદૂષકની ભવાઈ
3. **પ્રદેશના આધારે:** ઉત્તર ગુજરાતની ભવાઈ, મધ્ય ગુજરાતની ભવાઈ, દક્ષિણ ગુજરાતની ભવાઈ

**1. વિષયવસ્તુના આધારે ભવાઈના પ્રકાર:**

- **સામાજિક ભવાઈ:** આ પ્રકારની ભવાઈમાં સમકાલીન સમસ્યાઓ અને સામાજિક જીવનની વિવિધ ઘટનાઓને દર્શાવવામાં આવે છે. જેમ કે, કજોડાં, બાળલગ્ન, કુરિવાજો, શોષણ, ગામડાનું જીવન, સમાજમાં પ્રવર્તતી બદીઓ વગેરે.

- **ધાર્મિક ભવાઈ:** આ પ્રકારની ભવાઈમાં ધાર્મિક અને પૌરાણિક કથાઓને નાટ્ય સ્વરૂપે રજૂ કરવામાં આવે છે. જેમાં ભગવાન સાથે સંકળાયેલ પ્રસંગો, ધાર્મિક પાત્રો અને ભક્તિભાવ મુખ્ય વિષય હોય છે. જેમ કે, સુદામા-કૃષ્ણની મૈત્રી, મહાકાળી અને રાક્ષસનાશ, રામકથા, કૃષ્ણકથા, શિવકથા વગેરે.
- **ઐતિહાસિક ભવાઈ:** આ પ્રકારની ભવાઈમાં ઐતિહાસિક ઘટનાઓને નાટ્ય સ્વરૂપે રજૂ કરવામાં આવે છે. જેમ કે, પતઈ રાજાની કથા, વિક્રમાદિત્ય, સિંહાસન બત્તીસી વગેરે.

**2. પાત્રોના આધારે ભવાઈના પ્રકારો:**

- **રંગલાની ભવાઈ:** આ પ્રકારની ભવાઈમાં રંગલો મુખ્ય પાત્ર હોય છે. રંગલો એક ચાલાક અને રમૂજી પાત્ર છે. આ પ્રકારની ભવાઈમાં નૃત્ય કરતાં વધુ મૌખિક કાવ્ય અને હાસ્યનું મહત્ત્વ હોય છે.
- **વિદૂષકની ભવાઈ:** આ પ્રકારની ભવાઈમાં વિદૂષક નામનું પાત્ર મુખ્ય પાત્ર હોય છે. વિદૂષક એક મૂર્ખ અને વિનોદી પાત્ર છે.

**3. પ્રદેશના આધારે ભવાઈના પ્રકારો:**

- **ઉત્તર ગુજરાતની ભવાઈ:** ઉત્તર ગુજરાતમાં ભજવવામાં આવતી ભવાઈમાં વિશિષ્ટ પ્રકારના સંગીત અને નૃત્યનો ઉપયોગ થાય છે.
- **મધ્ય ગુજરાતની ભવાઈ:** મધ્ય ગુજરાતમાં ભજવવામાં આવતી ભવાઈમાં સામાજિક વિષયો વધુ પ્રમાણમાં જોવા મળે છે.
- **દક્ષિણ ગુજરાતની ભવાઈ:** દક્ષિણ ગુજરાતમાં ભજવવામાં આવતી ભવાઈમાં ધાર્મિક વિષયો વધુ પ્રમાણમાં જોવા મળે છે.

**4. અન્ય પ્રકારો:**

- **સામાજિક સુધારણા ભવાઈ:** આ પ્રકારની ભવાઈમાં  નિરક્ષરતા, અંધશ્રદ્ધા, વહેમો, કુરિવાજો, જેવી સમસ્યાઓ પર હળવી મજાક કરી સામાજિક સુધારણાનો સંદેશ આપવામાં આવે છે.
- **રાજકીય ભવાઈ:** આ પ્રકારની ભવાઈમાં રાજકીય ઘટનાઓને નાટ્ય સ્વરૂપે રજૂ કરવામાં આવે છે. જેમાં રાજકારણીઓ દ્વારા અપાતા ખોટા વચનો અને તેમના દ્વારા થતા પ્રજાના શોષણને ઉજાગર કરવાનો આશય હોય છે.
- **પ્રેરણાત્મક ભવાઈ :** આ પ્રકારની ભવાઈમાં સમાજમાં એકતા, ભક્તિ અને આધ્યાત્મિકતા પ્રેરે તેવા વિષયો પર ભવાઈ ભજવવામાં આવે છે.

આ ઉપરાંત પ્રસ્તુતિ શૈલીને આધારે હાસ્યરસની ભવાઈ, શ્રૃંગારિક ભવાઈ, કટાક્ષાત્મક ભવાઈ તથા સ્થાનને આધારે ગ્રામ્ય ભવાઈ, નગરીય ભવાઈ જેવા પ્રકારો પણ ગણાવી શકાય એમ છે.

**ભવાઈની વર્તમાન દશા અને દિશા:**

વર્તમાન સમયમાં ભવાઈની લોકપ્રિયતામાં ઘટાડો થયો છે. આજે ભવાઈ અત્યંત દયનીય પરિસ્થિતિમાં હોવાથી ભવૈયાઓ પોતાનો વંશપરંપરાગત વ્યવસાય છોડી અન્ય કામ કે પ્રવૃત્તિ કરવા મજબૂર બન્યા છે. મોબાઈલ, કમ્પ્યુટર, ટીવી અને સોશ્યલમીડિયાના આ યુગમાં મનોરંજન હવે હાથવગું બન્યું છે ત્યારે ભવાઈ માટે પ્રેક્ષક વર્ગ ક્યાંથી લાવવો એ મોટી સમસ્યા છે. ભવાઈને મળતો લોકાશ્રય પણ બંધ થયો છે પરિણામે ભવાઈ જેવું સશક્ત માધ્યમ આજે અશક્ત બન્યું છે. આમ, ભવાઈ આજે માત્ર પ્રશિષ્ટ સ્વરૂપ બનીને રહી ગયું છે.

આધુનિક સમયમાં ભવાઈ કલાનું સ્વરૂપ સાવ બદલાઈ ગયું છે. ભવાઈના પરંપરાગત મૂલ્યોથી વિમુખ થયા વગર નવી પેઢી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી સોશ્યલ મીડિયા પર તેના પરફોર્મન્સ કરી રહી છે. આજના ડિજીટલ યુગમાં યુટ્યુબ કે અન્ય સોશ્યલ મીડયા પર ભજવાતી ભવાઈના વિષયો પણ બદલાયા છે. સામાજિક કે ધાર્મિક વિષયોને બદલે હવે ડિજિટલ ભારત, મહિલા સશક્તિકરણ, શિક્ષણ, સ્વચ્છતા, ગ્લોબલ વોર્મિંગ જેવા વર્તમાન મુદ્દાઓ પર ભવાઈ ભજવાય છે. આધુનિક સમયની ભવાઈના ગીત-સંગીતમાં પણ ફેરફાર થયો છે. હવે તેમાં નવા વાદ્યોનો પણ ઉપયોગ થાય છે અને રોક, પોપ જેવી મિશ્ર શૈલીઓનો પણ ઉમેરો થયો છે. આમ, ભવાઈના પરંપરાગત મૂળને સાચવી રાખી આધુનિકતા સાથે સંકલન કરવાનું કાર્ય નવી પેઢી સફળતાપૂર્વક કરી રહી છે. આમ છતાં, આ નવી પેઢીએ ધીમે ધીમે લુપ્ત થતી જતી ભવાઈકલાને નવા પ્લોટ્સ, નવા પાત્રો અને પરંપરાનો યોગ્ય સમન્વય કરી ભવાઈ સ્વરૂપને વધુ તાજગીસભર રાખવા સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ.

ટૂંકમાં, ભવાઈ એ ઉત્તર ગુજરાતનાં લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિનું એક અણમોલ ઘરેણું છે. જે માત્ર મનોરંજન માટે જ નહીં, પરંતુ સમાજના મૂલ્યોને જાળવી રાખવા માટેનું પણ એક મજબૂત માધ્યમ છે. તેથી આપણી આ સાંસ્કૃતિક અને સાહિત્યિક ધરોહરને યેનકેન પ્રકારેણ સાચવવી જ રહી.

**સંદર્ભગ્રંથ**

૧. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ભાગ-૨ – ગુજરાતી સાહિત્ય પરિષદ

૨. ગુજરાતી સાહિત્યકોશ ભાગ-૩ – ગુજરાતી સાહિત્ય પરિષદ

૩ ભવાઈ સ્વરૂપ અને લક્ષણો - કૃષ્ણકાન્ત ઓ. કડકિયા, પ્રકાશક - પ્રાચ્યવિદ્યામન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા

૪. લોકનાટ્ય ભવાઈ - કૃષ્ણકાન્ત કડકિયા, પ્રકાશક- ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

૫. વિવેચનની વાટે – રતિલાલ નાયક, પ્રકાશક- આદર્શ પ્રકાશન, અમદાવાદ